# માંડવીમાં ખેરનાં લાકડાં ભરેલી ગાડી ઝડપાઈ

**વન** વિભાગે ફિલ્મી ઢબે પીછો કરતાં ચાલક વાહન છોડી ફરાર


હિતેશ પટેલ

માંડવી: વનવિભાગને બાતમી મળી હતી કે, એક પિકઅપ ગાડી પાસ-પરમિટ વગરના ગેરકાયદે ખેરનાં લાકડાં ભરેલી છે અને તે માંડવીના જૂના પુલ પરથી પસાર થવાની છે. આ બાતમીના આધારે માંડવી દક્ષિણ રેંજના રેંજ ફોરેસ્ટ ઓફિસર આ ર .જી.વસાવાએ સ્ટાફના માણસો સાથે ખેડપુર ગામ નજીક તાપી નદીના પુલ પર વોચ ગોઠવી હતી. આ વોચ દરમિયાન કીમ તરફથી માંડવી તરફ જતી એક શંકાસ્પદ પિકઅપ ગાડી નં.(GJ-05-AT-8526) આવતા વન વિભાગની ટીમે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, ગાડીના ડ્રાઈવરે વાહન માંડવીથી વરજાખણ ગામ તરફ ભગાડી મૂક્યું હતું. વન સ્ટાફે તાત્કાલિક ફિલ્મી ઢબે આ ગાડીનો પીછો કર્યો હતો. આથી ગભરાયેલા ડ્રાઈવર અને તેના સાથીદારે પુલ પસાર કર્યા બાદ ચાલુ ગાડીએ નીચે કૂદકો મારી નાસી છૂટ્યા હતા. ચાલક વગરની બેકાબૂ બનેલી પિકઅપ ગાડી રસ્તાની બાજુની ખાડીમાં ઊતરીને શેરડીના ખેતરમાં ફસાઈ ગઈ હતી. વન વિભાગની ટીમે ઘટના સ્થળે પહોંચી ફસાયેલી પિકઅપ ગાડીનો ધોરણસર કબજો મેળવી તપાસ કરતાં તેમાંથી ગેરકાયદે ખેરનાં લાકડાં મળી આવ્યાં હતાં. આ મુદ્દામાલ અને વાહનને માંડવી દક્ષિણ રેંજ હસ્તકના સરકારી ડેપો ખેડપુર ખાતે લાવી જપ્ત કરવામાં આવ્યો છે. વન વિભાગ દ્વારા જપ્ત કરાયેલા મુદ્દામાલમાં અંદાજિત રૂ.૩૯,૩૬૦ની બજાર કિંમતના અનામત વૃક્ષ ખેરનાં ૨૫ નંગ લાકડાં (૦.૯૮૪ ઘન મીટર) તેમજ અંદાજે રૂ.૧,૫૦,૦૦૦ની કિંમતની સફેદ કલરની પિકઅપ ગાડીનો સમાવેશ થાય છે. વન વિભાગે આ અંગે આગળની તપાસ હાથ ધરી છે.

# વાસમો યોજના 'ફ્લોપ' કુંડામાં બાળકો રમે છે!

**મોટી** દેવરૂપણમાં અસામાજિક તત્ત્વોએ હેન્ડપંપ અને બોરનો વાયર કાપી નાંખતાં પાણી પુરવઠો ખોરવાયો



સાગબારા: તાપી નદીના કાંઠે વસેલા સાગબારાના ભોરઆમલી ગ્રુપ ગ્રામ પંચાયત અંતર્ગત મોટી દેવરૂપણ ગામમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. અસામાજિક તત્વો દ્વારા હેન્ડપંપનું લોખંડનું હેન્ડલ કાઢી નાંખવામાં આવ્યું હોવાની તથા પાણીના બોરનો વાયર કાપી નાંખવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. પરિણામે ગામનો પાણી પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ જતાં મહિલાઓ, વૃદ્ધો, બાળકો અને પશુઓ તરસ્યાં રહે છે.

જિલ્લા પંચાયત સદસ્ય ગીરધન વસાવાએ ગામલોકોની રજૂઆત બાદ ગામની મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી. તેમણે જણાવ્યું કે, "સરકારી વાસમો યોજના હેઠળ બનાવાયેલો પાણીનો પ્રોજેક્ટ હાલ બિનઉપયોગી બની ગયો છે. પાણીનાં કુંડાંમાં બાળકો રમતા જોવા મળે છે. જ્યારે ગ્રામજનો અને પશુઓ પાણી માટે તરસી રહ્યા છે." તેમણે તંત્ર પ્રત્યે અસંતોષ વ્યક્ત કરતાં કહ્યું કે આટલી ગંભીર સમસ્યા હોવા છતાં હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. નોંધનીય છે કે મોટી દેવરૂપણ ગામ તાપી નદીના કાંઠે વસેલું હોવા છતાં ભર ઉનાળે પાણી માટે તરસી રહ્યું છે. તાપી નદી પર ઉકાઈ ખાતે ડેમ બનાવી સમગ્ર દક્ષિણ ગુજરાત પાણીથી તરબોળ છે, જ્યારે નદી કાંઠે વસીને પણ અહીંના લોકો તરસે મરી રહ્યા છે. તાલુકાનું વહીવટી તંત્ર આ બાબતે શા માટે ઉદાસીનતા દાખવી રહ્યું છે તે લોકોને સમજાતું નથી.

જિલ્લા પંચાયત સદસ્ય ગીરધન વસાવાએ માંગ કરી છે કે આગામી 24 કલાકમાં ગામમાં પાણીની સુવિધા પુનઃ શરૂ કરવામાં આવે અને સરકારી મિલકતને નુકસાન કરનારાં તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. તેમણે ચેતવણી આપી છે કે જો 24 કલાકમાં મોટી દેવરૂપણ ગામની પાણીની સમસ્યાનો ઉકેલ નહીં આવે તો ગ્રામજનો સાથે મળી ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# બોગસ ST સર્ટિ. થકી રેહાના ગામીત બે વાર ચૂંટણી લડ્યાં!

**ગુણસદા** જિ.પં. બેઠકનો વિવાદ, રાકેશ ચૌધરીએ વિભાગીય વિશ્લેષણ સમિતિને ફરિયાદ આપી હતી

**વિજિલન્સ** સેલની તપાસમાં જાતિ પ્રમાણપત્ર ખોટું પુરવાર થતાં અમાન્ય કરાયું



વ્યારા: તાપી જિલ્લાની ગુણસદા જિલ્લા પંચાયત બેઠક પર બોગસ ST પ્રમાણપત્ર રજૂ કરી બે-બે વખત જિલ્લા પંચાયત ચૂંટણી લડનાર રેહાના ગામીતનું જાતિ પ્રમાણપત્ર અમાન્ય કરતાં બોગસ જાતિના દાખલાનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. સોનગઢની ગુણસદા જિલ્લા પંચાયત બેઠક પરથી ચૂંટણી લડનાર અને હાલ કોંગ્રેસના પ્રદેશ મહિલા મંત્રી તરીકે કાર્યરત રેહાના ગામીત સામે ગંભીર વિવાદ ઊભો થયો છે. વિજિલન્સ સેલની તપાસ બાદ સુરત વિભાગીય વિશ્લેષણ સમિતિએ તેમના જાતિ પ્રમાણપત્રને અમાન્ય જાહેર કરતાં સમગ્ર મામલો ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. મળતી માહિતી મુજબ 1 નવેમ્બર-2023ના રોજ જાગૃત નાગરિક રાકેશ ચૌધરી દ્વારા વિભાગીય વિશ્લેષણ સમિતિ સમક્ષ લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે રેહાના ગામીત દ્વારા અનુસૂચિત જનજાતિ (ST)નું ખોટું જાતિ પ્રમાણપત્ર રજૂ કરી ચૂંટણી લડવામાં આવી હતી.

ફરિયાદના આધારે વિજિલન્સ સેલ દ્વારા વિસ્તૃત તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન રજૂ કરાયેલા દસ્તાવેજો, વંશાવળી અને અન્ય પુરાવાઓની ચકાસણી કરવામાં આવી હતી. તપાસનો અહેવાલ વિભાગીય વિશ્લેષણ સમિતિ સમક્ષ રજૂ થતાં સુરત ખાતે મળેલી બેઠકમાં રેહાના ગામીતનું જાતિ પ્રમાણપત્ર અમાન્ય જાહેર કરવામાં આવ્યું છે. આ મામલાની સૌથી ચોંકાવનારી બાબત એ છે કે રેહાના ગામીતે ગુણસદા જિલ્લા પંચાયત બેઠક પરથી બે વખત ચૂંટણી લડી હતી અને જીત પણ મેળવી હતી. હવે જાતિ પ્રમાણપત્ર અમાન્ય જાહેર થતાં રાજકીય વર્તુળોમાં અનેક પ્રશ્નો ઊભા થયા છે. જો પ્રમાણપત્ર ખોટું હોવાનું અંતિમ રીતે માન્ય થાય તો ચૂંટણી પ્રક્રિયા દરમિયાન રજૂ કરાયેલા દસ્તાવેજો અંગે પણ ચર્ચા તેજ બની શકે છે. સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચાઓ ચાલી રહી છે કે રાજકીય અને વહીવટી તંત્રની મીલીભગતના કારણે લાંબા સમય સુધી આ મામલો દબાયેલો રહ્યો હતો.

# માંડવીના CHOને 3 મહિનાથી પગાર ન મળતાં MLAને રજૂઆત

**કુંવરજીભાઈ** હળપતિએ આરોગ્ય મંત્રી અને ઉચ્ચ અધિકારીઓ સાથે ટેલિફોનિક ચર્ચા કરી


હિતેશ પટેલ

માંડવી: માંડવી તાલુકાના વિવિધ પીએચસી સબ સેન્ટર તેમજ આયુષ્માન આરોગ્ય મંદિરમાં કાર્યરત ૪૪ CHO સહિત સુરત જિલ્લા આરોગ્ય વિભાગ હેઠળ ફરજ બજાવતા કુલ ૨૪૬ કોમ્યુનિટી હેલ્થ ઓફિસર્સ છેલ્લા ત્રણ મહિનાથી પગાર અને પ્રોત્સાહક ભથ્થાથી વંચિત રહેતાં આરોગ્ય કર્મીઓમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે. આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે માંડવીના તમામ CHO દ્વારા સ્થાનિક ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિને રૂબરૂ મળીને એક લેખિત આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.

આરોગ્ય કર્મચારીઓએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, નિયમિત પગાર અને ઇન્સેન્ટિવ ન મળવાને કારણે તેઓ ગંભીર આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે અને તેમનું ઘર ચલાવવું પણ મુશ્કેલ બન્યું છે. લોનના હપ્તા, બાળકોની સ્કૂલ ફી અને રોજિંદા ઘર ખર્ચને પહોંચી વળવામાં તેઓ લાચાર બન્યા છે.

આરોગ્ય કર્મીઓની આ ન્યાયિક અને સંવેદનશીલ રજૂઆતને ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિએ અત્યંત ગંભીરતાથી લીધી હતી. કર્મચારીઓની મુશ્કેલીઓ સાંભળ્યા બાદ તેમણે સહેજ પણ વિલંબ કર્યા વિના, ઘટના સ્થળેથી જ સુરત જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો.અનિલ પટેલ તેમજ રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી.

ધારાસભ્યએ વહીવટી પ્રક્રિયા ઝડપી બનાવી તમામ CHOના હિતમાં સમયસર અને તાકીદે પગાર ચૂકવવા માટે મજબૂત ભલામણ કરી છે. ધારાસભ્યની આ ત્વરિત અને સકારાત્મક મધ્યસ્થતાને પગલે વહીવટી તંત્ર પણ એક્શનમાં આવ્યું છે અને આગામી દિવસોમાં અટકેલો પગાર ચૂકવાઈ જવાની મજબૂત આશા બંધાઈ છે.

# નવી પારડીમાં એક જ પ્લોટ બે વાર વેચી માર્યો!

કામરેજ: મૂળ ભાવનગરના દુધાળાના વતની અને હાલ મુંબઈ મલાડમાં યાદવ નિવાસમાં રહી રત્નકલાકાર તરીકે રાજેશ દામજી બાવળીયા કામ કરે છે. વર્ષ-2015માં ફોઈના પુત્ર લાલજી હકાભાઈ ટાંક મુંબઈ રત્નકલાકાર તરીકે કામ કરતા હતા.

સુરત ખાતે રાજેશ બાવળીયાને પરિવાર સાથે રહેવા માટે મકાન માટે ખુલ્લા પ્લોટની શોધખોળ કરતાં તે મુંબઈના ઓળખીતા ભૂપત મોહન વાળાએ કામરેજના નવી પારડીમાં સરવે નં.261 બ્લોક નં.129 બિનખેતીની જમીનમાં શુભમ રેસિડન્સી ખુલ્લા પ્લોટના પ્રોજેક્ટમાં ભૂપતભાઈ દલાલ તરીકે રહી બે પ્લોટ બતાવતાં પસંદ પડતાં પ્લોટના માલિક તરીકે ભૂપતભાઈએ દીપક ચીમન ફીંડોરીયા, જીતુ ગણેશ પ્રજાપતિ હોવાનું જણાવી કિં.3,85,000 નક્કી કરી બંને પ્લોટના રૂપિયા આપી એક પ્લોટનો દસ્તાવેજ રાજેશ બાળવીયા અને બીજા પ્લોટનો દસ્તાવેજ લાલજી ટાંકના નામનો કરાવ્યો હતો. વર્ષ-2024માં બંને પ્લોટો પર બાંધકામ કરવા માટે ફોઈના પુત્ર સાથે મુંબઈથી આવ્યા હતા. સબ રજિસ્ટ્રાર કચેરીમાં તપાસ કરતાં બંને પ્લોટો વર્ષ-2015માં દલાલ ભૂપત વાળાએ પ્લોટના માલિક વેચાણ દસ્તાવેજ કરી લીધો હોવા છતાં વર્ષ-2018માં બીજાને વેચાણ દસ્તાવેજ કરી આપ્યો હતો.

છેતરપિંડી કરતાં કામરેજ પોલીસ મથકમાં દલાલ ભૂપત વાળા, પ્લોટના માલિક દીપક ફીંડોરીયા અને જીતુ પ્રજાપતિ સામે ફરિયાદ નોંધાવી હતી.

# વિશ્વ તમાકુ નિષેધ દિન નિમિત્તે રેલી યોજાઈ

રાજપીપળા: વિશ્વ તમાકુ નિષેધ દિનની ઉજવણી અંતર્ગત નર્મદા જિલ્લામાં જનજાગૃતિ રેલીનું આયોજન કરાયું હતું. આ રેલી વેલનેસ સેન્ટર સહ અર્બન હેલ્થ પોલીક્લિનિક, જૂની સિવિલ હોસ્પિટલ, રાજપીપળાથી પ્રસ્થાન કરી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ખાતે પૂર્ણ થઈ હતી. આ રેલીમાં ડો.નટવરસિંહ બારજોડ, ડો.પરિંદ વસાવા, આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને મેડિકલ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ટ્રકના ચોરખાનામાંથી રૂ.18 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**દિલ્હી-મુંબઈ** NE-4 એક્સપ્રેસ હાઈવે પર આવેલા કારેલા પાસે ખુલ્લા પાર્કિંગમાંથી દારૂ મળ્યો



ભરૂચ: ભરૂચના કારેલા ગામ નજીક દિલ્હી-મુંબઈ NE-4 એક્સપ્રેસ હાઈવે પર આવેલા ખુલ્લા પાર્કિંગમાંથી LCB ભરૂચની ટીમે વિદેશી દારૂનો જંગી હેરાફેરી ઝડપી પાડતા ફફડાટ મચી ગયો છે. આ કાર્યવાહીમાં એક આઈસર ટ્રકમાંથી કુલ 9,840 બોટલો અને બિયર ટીન મળી આવ્યાં હતાં, જેની કિંમત રૂ. 18,87,312નો મુદ્દામાલ તેમજ ટ્રકની કિંમત રૂ.8,00,000 મળી કુલ રૂ.26,87,312નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

ભરૂચ LCBની ટીમને વિશ્વસનીય બાતમી મળી હતી કે, NE-4 હાઈવે પરના 306 નંબરના ખુલ્લા પાર્કિંગમાં પાર્ક કરેલી આઈસર ટ્રક નં.(MH 49 F 1497)માં ચોરખાનું બનાવીને વિદેશી દારૂ ભર્યો છે. બાતમીના આધારે તાત્કાલિક સ્થળ પર દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસને જોતાં જ ટ્રક પાસે ઊભેલો ડ્રાઈવર પાર્કિંગની કમ્પાઉન્ડ વોલ કૂદીને અંધારાનો લાભ લઈ ખેતરોમાં ભાગી છૂટ્યો હતો.

પોલીસે શરૂઆતમાં ટ્રકનું ફાળકું ખાલી દેખાયું હતું, પરંતુ ઝીણવટભરી તપાસમાં કેબિનની પાછળ એક ચોરખાનું બનાવેલું હોવાનું જણાયું હતું. પંચોની હાજરીમાં આ ચોરખાનું ખોલવામાં આવતાં તેમાંથી છ અલગ-અલગ બ્રાન્ડના દારૂનો જંગી જથ્થો બહાર આવ્યો હતો.

તમામ બોટલો પર 'ફોર સેલ ઈન ચંડીગઢ/રાજસ્થાન ઓન્લી' જેવા લેબલ હતાં, જે દર્શાવે છે કે આ દારૂ ગુજરાતમાં ગેરકાયદે રીતે વેચાણ માટે લાવવામાં આવ્યો હોવાનું અનુમાન છે. ટ્રકની અંદાજિત કિંમત રૂ. 8 લાખ જેટલી છે. ભરૂચ LCB પોલીસે ભરૂચ રૂરલ પોલીસમાં અજાણ્યો ટ્રક ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધીને વધુ કાર્યવાહી કરી છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

રોહાઉસ વેચવાનું છે
સોલાર તેમજ ફિક્સ ફર્નિચર સાથે. G 1.5 ફ્લોર 78, પુષ્પક સોસાયટી, ટેકરાવાળા સ્કૂલ પાસે પાલનપુર પાટીયા રાંદેર રોડ
9825511699

દુકાન વેચવાની છે
G/4 ગ્રાઉન્ડ ફ્લોર 378 સ્કે. ફિટ સંગીત સરિતા કોમ્પ્લેક્સ સ્નેહ સંકુલ વાડી પાસે, આનંદ મહેલ રોડ, અડાજણ
9825511699

Fast Deal
પાલ, પાલનપુર વિસ્તારમાં કેશ પેમેન્ટમાં પ્રોપર્ટી લે-વેચ માટે મળો
73830 18982
98793 16241

1BHK & 2BHK ફ્લેટ વેચાણથી આપવાના છે
ઉધના મેઈન રોડ ઉપર
99247 27555

શૈક્ષણિક સંસ્થા માટે અંદાજિત 3,000 વાર જમીન અથવા તૈયાર સ્કૂલ
વેસુની આસપાસ 5 કિલોમીટરના વિસ્તારમાં વેચાણથી અથવા લોંગ લીઝ પર જોઇએ છે
Mo-7069408897, 9909917199

નાનપુરા વિસ્તારમાં પહેલા અને બીજા માળે ૧૦૦૦ સ્કવેરફુટ જગ્યા ભાડે આપવાની છે. પાર્કિંગ લીફ્ટની સુવિધા સાથે. દલાલ આવકાર્ય
મોબાઇલ નં. 9898041152

ભાડે આપવાની છે
નેશનલ હાઈવે નં.- 8, ફાઉન્ટેન હોટલની બાજુમાં
75,000 સ્કવેર ફીટ
જગ્યા ભાડે આપવાની છે 10 વર્ષની કંડીશન પર, NA કલીયર સાથે.
Mo:-9824084073

જોઈએ છે
હિન્દી માધ્યમ ધોરણ 1 થી 4માં બધા વિષયો ધોરણ 5 થી 8 ગણિત વિજ્ઞાન અંગ્રેજી સામાજિક વિજ્ઞાન ગુજરાતી હિન્દી સંસ્કૃત ભણાવી શકે તેવા ભાઈઓ/ બહેનોએ રૂબરૂ મળવું અનુરાગ હિન્દી વિદ્યાભવન ગાયત્રી સોસાયટી, પરવત પાટીયા, સુરત. મો- 7573998091

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

મહાદેવ ટુર એન્ડ ટ્રાવેલ્સ. (ગળતેશ્વર, ડાકોર) (દ્વારકા, સોમનાથ) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) (મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ) (આબુ, અંબાજી) (શિરડી, સાપુતારા) 8238872861, 7802062340 (119)

(સાગર- 9427113317)
અધિકમાં ડાકોર, ગળતેશ્વર, શનિવાર 750/- રવિવાર/. (18-જુનમાં ગોવા ત્રણ નાઈટ)

ઓમશિવ ટ્રાવેલ્સ
8- જૂન, હરિદ્વાર, મથુરા, વૃંદાવન, બરસાણા, જયપુર, પૂષ્કર. 3, 10- જૂન, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, 4, 11- જુન, ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર. ખરવરશેરી, ભાગળ, સુરત. 9327199997, 9537838949

Date- 4/06
ચોક્કસ ઉપડશે, ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર. જમવા સાથે, સ્લીપર- 8238796119

વ્યવસાયીક ધંધાકીય

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

નવકાર વોટર પ્રુફિંગ
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા, ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (128)

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

હાર્ડવેર, ટૂલ્સ,
નટ- બોલ્ટ, પ્લાસ્ટિક તાડપત્રી, G, I, M, S પાઈપ ફિટિંગ, ગ્રીન નેટ, કાથાદોરી, ફાઉન્ડેશન બોલ્ટ, ફિક્સ અને રિંગ પાના, લોખંડ ના હેવી રેક અને ઘોડા તેમજ બિલ્ડિંગ મટીરિયલ સંબંધિત તમામ સામાન મેક્સિમમ ડિસ્કાઉન્ટ માં આપવાનો છે 7990712433

હાર્ડવેર અને પ્લાસ્ટીક
તાડપત્રી અને પ્લાસ્ટિક બેનર માટે હોલસેલ સ્ટોરમાં માર્કેટીંગ અને પેમ્પલેટ વિતરણ માટે માણસો જોઈએ છે. 9898063315

પતરાના શેડ
તથા ડોમ ફેબ્રીકેશન કામ અને લિફ્ટ બનાવવા માટે. 9979989971

મિલ્કત ભાડે -વેચાણ

નાની ઓફિસ
ભાડેથી/ વેચાણથી આપવાની ઓનલાઈન/ કોસ્મેટિક સપ્લાય/ મોડલિંગ અન્ય ટ્રેડ હાઉસ રિંગરોડ. 9228207838

મિલ્કત વેચવાની છે

U G. 26, દુકાન
વેચાણથી આકાશ બિઝનેશ સેન્ટર પીપલોદ, Mo. 9033160362.

પીપલોદમાં બંગ્લો
તેમજ અડાજણમાં ફ્લેટ/ તેમજ રો હાઉસ વેચાણ / ભાડે આપવાનું 9909775590 (126)

૨ માળ કોર્નર નું
માર્જિન ની જગ્યા સાથે મકાન વેચવાનું છે ૧૩ X ૪૫ 1, હરેશ્વર સોસાયટી, કદમ્બ ભવન હોલની સામે, ટીમલીયાવાડ, નાનપુરા મો: 9825472525/ 7878693939

સૂરતમાં યુનિવર્સિટિ
પાસે મેઈનરોડ આગમ એમ્પોરિયમના પહેલા માળે દુકાન વ્યાજબી ભાવથી વેચવાની છે 9104614923 (131)

મિલ્કત ભાડેથી

ઓપન પ્લોટ ભાડેથી
આશરે 800/ 900 ફૂટ, સલાબતપુરા શહીદ ચોકની સામે, જલારામ સ્કૂટરની બાજુમાં મળો. 9227905125

ફ્લેટના ભાવમાં પ્લોટ
બંગલા લાયક સરળ હપ્તેથી માલિક બનો ન્યુ અલથાણમાં 8160763127 (125)

નોકરી વિષયક

અમારે સાફ સફાઈ
થતા બાથરૂમ ધોવા માટે મહિલા કે પુરુષની જરૂર છે સમય સવારે 8 વાગેથી સાંજે 5 વાગે સુધી પગાર વ્યવસ્થિત આપીશું. મો. નં. 9429618212

ડેન્ટલ માટે
અનુભવી સ્ટાફ જોઈએ છે. ઉગત, કેનાલરોડ. સંપર્ક કરો... 9664517181

વેસુમાં CAની ઓફિસ
માટે Tally Income Tax (Genius), GST માટે Experienced Staff Whatsapp 9825481248

શિક્ષકો જોઈએ છે
વ્યવસાયલક્ષી શિક્ષકો : ઈન્ટિરિયર ડિઝાઈન, ઈલેક્ટ્રિકલ, ઓટોમોબાઈલ, પ્લમ્બિંગ, સુથારીકામ. પૂર્વ પ્રાથમિક વિભાગ: પ્રિ.પી.ટી.સી. પ્રાથમિક વિભાગ: ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી. તા. ૦૨/૦૬/૨૬ સવારે ૧૦ કલાકે. આઈ.જી.દેસાઈ વિદ્યાસંકુલ, સી.એન.જી. પંપની સામે, ભટાર ચાર રસ્તા, સુરત (મો) ૯૮૭૯૨૦૯૮૭૪.(127)

સુરત સીટી માટે
સેલ્સમેન જોઈએ છે સુરત સીટીમાં શૈક્ષણિક સાધનોના માર્કેટિંગ માટે સેલ્સમેન જોઈએ છે- કેમ ટ્રેડર્સ, પહેલો માળ, વિનરાજ પ્લાઝા, ગવર્મેન્ટ પ્રેસ સામે, કોઠી રોડ, વડોદરા. મોબાઈલ- 9825033122

ઓપન ઈન્ટરવ્યુ
સુરચના એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એચ.આઈ.વી/ એઈડ્સ પ્રોજેક્ટ અંતર્ગત આઉટરીચ વર્કર જગ્યા- 1 (લાયકાત - 12 પાસ) (સમુદાયના લોકોને પ્રાધાન્ય આપવામાં આવશે.) માસિક પગાર 10,500/- T.A. 1500/-) માટે કરાર આધારિત ભરતી કરવાની છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ ઈન્ટરવ્યુ માટે તારીખ: 05/06/26 શુક્રવાર. સમય:- સવારે 10:30 કલાકથી બપોરે 12:30 કલાક દરમિયાન અસલ તેમજ પ્રામાણિત સર્ટીફીકેટ સાથે હાજર રહેવું. સ્થળ:- 301, ત્રીજોમાળ, જમાના ચેમ્બર્સ, લક્ષ્મી હોટલની બાજુમાં , હિરાબાગ, વરાછા, સુરત- 395006, અનુભવી ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે. સંપર્ક:- 7698067860/ 7984860034 (132)

ડ્રાઈવર જોઈએ છે
સુરત સીટી માટે થ્રી વ્હીલર અને ફોર વ્હીલર માટે અને ઉઘરાણી કરી શકે તેવા અનુભવી ડ્રાઈવરની જરૂરિયાત છે સંપર્ક:- 8815087042/ 9909950414

ઓફિસ માટે
અનુભવી રસોઈયા (Chef)ની જરૂર છે. દરરોજ 35થી 40 લોકોનું લંચ બનાવી શકે તેવા ઉમેદવારને પ્રાથમિકતા આપવામાં આવશે. સ્થળ: સુરત 7861987283

જોઈએ છે
ફિમેલ સ્ટાફ બ્યુટીશિયન grace & glamour salon, પાલ અને જહાંગીરપુરા માટે, 9374749545

સેલ્સ એક્ઝીક્યુટીવ
જોઈએ છે. સેકન્ડહેન્ડ કારના શોરૂમ માટે. પગાર: 20,000/-. 9824180372

માણસ- છોકરો જોઈએ
અડાજણમાં સોડા શોપમાં સાવરે 10:00- 8:00 પગાર- 12000. 9377420421

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.